## ગાંધીનગર મને ગમે છે...



**રોહિત માળી (વિદ્યાર્થી નેતા)**

હા મને ગાંધીનગર ગમે છે બનાસકાંઠા દિયોદર મારુ વતન છે. ગાંધીનગર રહેવા માટે હરિયાળી અને શાંત હોવાને કારણે તો પસંદ છે જ પરંતુ એક વિદ્યાર્થી તરીકે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેનો પાયો ગાંધીનગરથી જ શરૂ થયો છે અને ઘણા ઉમેદવારોનો ભવિષ્ય અહીંથી ઉજ્જવલ થયું છે. એક વિદ્યાર્થી આગેવાન તરીકે તો ગાંધીનગર બહુ જ પસંદ છે. કારણકે મે ૨૦૧૯માં બિન સચિવાલયની પરીક્ષામાં કૌભાંડ સામે લડતની શરૂઆત ગાંધીનગરથી જ કરી હતી અને જીત પણ ગાંધીનગરથી જ મેળવી હતી ગાંધીનગરમાં એના પછી ઉમેદવારોના હિત માટે ન્યાય માટેની લડત ગાંધીનગરથી શરૂઆત થઈ અને ગાંધીનગરમાં થાય છે અને તમે સાચા હો એટલે તમે જરૂર સફળ થાવ છો આ ભૂમિમાંથી આ લડત દ્વારા ઘણા લોકોને રોજગારી મળવામાં ગાંધીનગરની ભૂમિનો બહુ ફાળો છે ગાંધીનગરની દરેક લાઇબ્રેરી ઉમેદવારોના સપનાઓથી ભરેલી છે અને ઘણા લોકોના સપના અહીંથી જ પૂરા થાય છે અને સચિવાલયમાં સારા પદ પર નોકરી કરવી લોકોનું સપનું હોય છે. ગાંધીનગરની ભૂમિ એ ગુજરાતના તમામ લોકો માટે એક આશાનું કિરણ છે. જ્યાંથી દરેકના મુદ્દાનું નિરાકરણ અહીંથી જ થાય છે. ગાંધીનગર રહેવા માટે સલામત અને શાંત છે. તેથી જ મને ગાંધીનગર ગમે છે

# આજે બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા

**૩૨૪૩ કેન્દ્રો પર પરીક્ષા : ત્રણ વખત મોકૂફ થયા બાદ ચોથીવાર પરીક્ષાનું આયોજન : સવારે ૧૧ થી ૧ વાગ્યા દરમિયાન પરીક્ષા યોજાશે**

ગાંધીનગર, તા. ૨૩

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૨૪ એપ્રિલે બિન સચિવાલય ક્લાર્ક અને ઓફિસ આસિસ્ટન્ટની પરીક્ષા યોજાવાની છે. જેમાં ૩૯૦૧ જગ્યાઓ માટે ૧૦ લાખથી વધુ પરીક્ષાર્થીઓ આ પરીક્ષા આપશે. ત્યારે પરીક્ષા આપનાર ઉમેદવારો માટે એક ટોલ ફ્રી નંબર જાહેર કરવામાં આવ્યો છે ૧૮૦૦ ૧૨૦ ૩૦૪૭ ૨૪ એપ્રિલે સવારે ૧૧ વાગ્યા સુધી સતત ચાલુ રહેશે.



બિન સચિવાલયની પરીક્ષા સતત ૩ વખત મોકૂફ થવાથી આ વખતે તંત્ર દ્વારા પરીક્ષા કેન્દ્રો ૧૦૦ કિમી દૂર મુકવામાં આવ્યા છે. તેથી પરીક્ષાર્થીઓને જિલ્લા બહાર નંબર ફાળવવામાં આવ્યા છે. મોટા ભાગના પરીક્ષાર્થીઓ શનિવારે જ સાંજ સુધીમાં પરીક્ષા કેન્દ્રના સ્થળ પર પહોંચી ગયા છે. રવિવારે સવારે ૧૦ વાગ્યે પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાર્થીઓને પહોંચી જવાનું હોવાથી વહેલી સવારથી જ માર્ગો ઉપર પરીક્ષાર્થીઓના ધામા રહેશે. જેમાં પ્રાઈવેટ વાહનોથી લઈ સરકારી બસોમાં પરીક્ષાર્થીઓની અવરજવર રહેશે. પરીક્ષાને લઈ તંત્ર પણ સજ્જ થઈ ચૂક્યુ છે.

કોઈ પણ પ્રકારે ગેરરીતિ ન બને તેના માટે મોબાઈલ જેવા ઈલેક્ટ્રોનિક્સ સાધનો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેમાં પરીક્ષા કેન્દ્રોમાં હાજર રહેતા શિક્ષકોથી લઈ તમામ સ્ટાફમાં મોબાઈલ પર પ્રતિબંધ માટેનો નિર્ણય મુકવામાં આવ્યો છે. તેથી આ વખતે ચોથીવાર યોજાનારી આ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાશે તેમ પરીક્ષાર્થીઓ ઈચ્છી રહ્યા છે. ઉનાળાની ગરમીના કારણે પરીક્ષા કેન્દ્રોમાં પાણીની પૂરી વ્યવસ્થા પણ કરવામાં આવશે.

### બિન સચિવાલય ક્લાર્ક પરીક્ષાને પગલે ૧૦૦૦ એસટી બસનું આયોજન

૨૪ એપ્રિલે ગૌણસેવા પસંદગી મંડળની બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી એસટી તંત્ર દ્વારા ઉમેદવારોની સુવિધા માટે દૈનિક સંચાલિત થતી સર્વિસ સિવાયની ૧૦૦૦ વધારાની બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ, રાજકોટ, વડોદરાના બસ સ્ટેશન પરથી વધારાની બસો દોડાવાશે. એટલું જ નહિ પરીક્ષાના સ્થળે આવવા-જવા માટે નજીકના ડેપો મેનેજરનો સંપર્ક કરી ગ્રુપ બુકીંગ દ્વારા એકસ્ટ્રા બસની સુવિધા મેળવી શકશે.

### ૩૨ જિલ્લાના ૩૨૪૩ કેન્દ્રો પર પરીક્ષા

રાજ્યના ૩૨ જિલ્લામાં બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા યોજાશે. જેમાં ૩૨ જિલ્લાના ૩૨૪૩ કેન્દ્રો પર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા કેન્દ્રો પર સીસી ટીવીથી મોનીટરીંગ કરવામાં આવશે.

### ૧૦ લાખ ૪૫ હજાર ઉમેદવારો પરીક્ષા આપશે

બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષામાં ૧૦ લાખ ૪૫ હજાર ઉમેદવારો પરીક્ષા આપશે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્ર પર મોબાઈલ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. પરીક્ષા કેન્દ્રમાં ઉમેદવાર કે નિરીક્ષકો મોબાઈલ રાખી નહિ શકે.

### ૪ વર્ષમાં ૩ વખત પરીક્ષા મોકૂફ રખાઈ

સતત ૩ વખત બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા મોકૂફ થયા બાદ રવિવારે ફરીથી પરીક્ષા યોજવા જઈ રહી છે ત્યારે પરીક્ષાર્થીઓમાં આ વખતે પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં ગેરરીતિ થયા વગર પૂર્ણ થાય તેવી આશા સેવાઈ રહી છે.

# સરગાસણ ટીપી-૯ નજીકના હડમતિયા તળાવમાં ઠલવાતો બાંધકામનો ભંગાર

**કુદરતી જળાશયો જેવી સંપદાને નષ્ટ કરતી વિનાશક પ્રવૃત્તિથી પર્યાવરણ પ્રેમીઓમાં રોષ : તળાવને બચાવવા મનપાની હેલ્પલાઇન પર ફરિયાદો કરાઇ**

ગાંધીનગર તા. ૨૩

ગાંધીનગરના સરગાસણ ટીપી-૯ વિસ્તાર નજીકના નિલકંઠ મહાદેવ અને હડમતિયા હનુમાનજીના મંદિર પાસેના તળાવમાં છેલ્લા કેટલાક સમયથી બાંધકામના ભંગાર એટલે કે તોડી પડાયેલાં જુના મકાનોના ઈંટ-રોડાં જેવા કચરાને ઠાલવવાની પ્રવૃત્તિ ચાલી રહી છે. આ પ્રવૃતિમાં અજાણ્યા ઈસમો દ્વારા નંબર વગરના ટ્રેકટરનો ઉપયોગ થાય છે જેની ટ્રોલી ભરીને ભંગાર કચરો તળાવમાં ઠાલવવામાં આવી રહ્યો છે. આ બાબતે કેટલાંક પર્યાવરણ પ્રેમીઓ દ્વારા તળાવને બચાવવા મનપાની હેલ્પલાઇન પર ફરિયાદો પણ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના આવા નાના-મોટા વેટલેન્ડ પર અનેક સ્થાનિક અને યાયાવર વિદેશી પક્ષીઓની પ્રજાતિ નભી રહી છે જેમના અસ્તિત્વ સાથે આ વિસ્તારના ભૂગર્ભ જળસંચય પર પણ આ પ્રવૃતિથી જોખમ ઉભું થયું છે.







સમગ્ર રાજયમાં ગાંધીનગરને માત્ર પાટનગર તરીકે નહિ પરંતુ એક પર્યાવરણનું જતન કરવામાં અગ્રેસર શહેર તરીકે પણ જોવામાં આવે છે. જોકે વાસ્તવિકતા એ છે કે ગાંધીનગરમાં પર્યાવરણને નુકશાન પહોંચે તેવી અનેક પ્રવૃત્તિઓ દિનપ્રતિદિન ફૂલીફાલી રહી છે જેમાં કેટલીક પ્રવૃત્તિઓ શહેરના વહીવટીતંત્ર દ્વારા વિકાસ કાર્યોના ઓથે જ્યારે કેટલીક પ્રવૃત્તિઓ શહેરના જ નાગરિકો દ્વારા પોતાના સ્વાર્થ ખાતર કરવામાં આવી રહી છે. આ પ્રવૃત્તિઓમાં આડેધડ વૃક્ષછેદન ઉપરાંત પ્લાસ્ટિક સહિતનો કચરો જ્યાં ત્યાં ફેકવો, જાહેરમાં કચરો બાળવો, પાણીનો બેફામ વ્યય કરવો વગેરેનો સમાવેશ થાય છે. હવે આ પ્રવૃત્તિઓમાં મકાનોના કાટમાળને શહેરના તળાવમાં નાખી તળાવો પુરવાનો પ્રયાસ કરવાનો સમાવેશ થાય છે જે શહેરના પ્રકૃતિ સંતુલન માટે ખૂબ જ ચિંતાજનક છે.

ગાંધીનગરના સરગાસણ ટીપી-૯ વિસ્તાર નજીકના નિલકંઠ મહાદેવ અને હડમતિયા હનુમાનજીના મંદિર પાસેના તળાવમાં છેલ્લા કેટલાક સમયથી બાંધકામના ભંગાર એટલે કે તોડી પડાયેલાં જુના મકાનોના ઈંટ-રોડાં જેવા કચરાને ઠાલવવાની પ્રવૃત્તિ ચાલી રહી છે. આ પ્રવૃત્તિના કારણે બંને તળાવ પુરાવા લાગ્યાં છે જેના કારણે તેમની જળ સંચયની જગ્યા ઓછી થઈ રહી છે જે ભવિષ્યમાં શહેરના પર્યાવરણ માટે નુકસાનકારક સાબિત થઈ શકે તેમ છે અને આ કુદરતી અસ્તિત્વ જ ગુમાવી બેસે તેવી સ્થિતિ સર્જાઇ રહી છે. આ તળાવ જાણે શહેરમાં તોડી પડાતા જુના મકાનોનો ઈંટ-રોડાં જેવા બાંધકામનો ભંગાર ઠાલવવાની "ડસ્ટબીન" હોય તે રીતે બેધડક ઉપયોગ કરાઈ રહ્યો છે અને તેને રોકનાર કોઈ નથી. બાંધકામના ભંગારને કારણે તળાવ પુરાઇ જશે તો અનેક પક્ષીની પ્રજાતિઓને તરસે મરવાનો વારો આવશે તેમજ તેનાથી ભૂગર્ભ જળસંચય ક્ષમતા ઘટશે જેના પગલે આસપાસના વિસ્તારની વનરાજીને પણ ભવિષ્યમાં મોટું નુકસાન થઈ શકે છે.

# પેથાપુર ગામ તરફ જવાના માર્ગ પરથી દારુ સાથે બે ઝડપાયા



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક પેથાપુર ચોકડી થી પેથાપુર ગામમાં જવાના માર્ગ પર વિદેશી દારુની હેરાફેરી કરતા બે શખ્સોને ૪૮ નંગ વિદેશી દારુ અને પલ્સર બાઈક સાથે મળી કુલ રૂ.૪૪ હજારથી વધુના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે સાથે રહેતા હેડ કોન્સ્ટેબલ અનિલસિંહને બાતમી મળી હતી કે પેથાપુર ચોકડી થી પેથાપુર ગામ તરફ જવાના માર્ગે પલ્સર બાઈક નં. જી.જે.૧૮ડી.૨૨૩૩ પર બે શખ્સો ભારતીય બનાવટનો વિદેશી દારૂની હેરાફેરી કરવા માટે બાઈક લઈ પસાર થશે. જેથી પોલીસે વોચ ગોઠવી બાતમીવાળુ બાઈક નીકળતા પોલીસો વિશાલ દરશરથભાઈ વાઘેલા અને હર્ષ અશોક વાઘેલા (બંન્ને રહે રૂષીવાસ પેથાપુર ગાંધીનગર) હોવાની જણાવ્યું હતું. પોલીસે તપાસ કરતા તેમની પાસેથી વિદેશી દારુની ૪૮ બોટલ તેમજ અંગજડતી દરમિયાન બે મોબાઈલ , એક પલ્સર બાઈક મળી કુલ રૂ.૪૪,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી બંને સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજયના અખબારોના તંત્રીઓ અને ચેનલ હેડ્સ સાથે કેન્દ્રીય માહિતી મંત્રીનો સંવાદ

ગાંધીનગર, તા.૨૩

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અનુરાગ સિંહ ઠાકુરે શુક્રવારે પોતાની એક દિવસીય મુલાકાત દરમિયાન ગાંધીનગરમાં અગ્રણી પ્રિન્ટ તથા ટી.વી. ચેનલ્સના માલિકો, તંત્રીઓ અને ચેનલ હેડ્સ સાથે અલગ-અલગ બેઠક યોજી હતી. આ અનૌપચારિક બેઠકમાં પ્રિન્ટ ઈલેક્ટ્રોનિક મીડિયા જગતને લગતા પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દા ઉપર મીડિયા જગતના મોભીઓએ વિશદ છણાવટ કરી હતી.

મંત્રીશ્રીએ લોકશાહીના આ ચોથા આધારસ્તંભને વધુ મજબૂત બનાવવા સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત કોરોના કાળ દરમિયાન અખબારો, ટી.વી. ચેનલ્સ અને એના રિપોર્ટર્સ, એડિટર્સને પડેલી મુશ્કેલીઓ અંગેની રજૂઆતના સંદર્ભમાં મંત્રીશ્રીએ ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા તથા એના પત્રકારોના લાભાર્થે સરકાર અનેક કદમો ઉઠાવી રહી હોવાની વાત કરી હતી.

પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો દ્વારા આયોજિત આ ગોષ્ઠિમાં જાહેર હિતના અનેક મુદ્દાઓ ઉપર મંત્રીશ્રીનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. ભ્રામક અને ખોટા સમાચારો ફેલાવતા સોશિયલ મીડિયાના કેટલાક પ્લેટફોર્મ પર સરકાર દ્વારા કોઈ પ્રકારનો અંકુશ મૂકાય એવી અપેક્ષા પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડિયાના અગ્રણીઓએ વ્યક્ત કરી હતી.

પી.આઈ.બી.ના એડિશનલ ડી.જી. ડૉ. ધીરજ કાકડિયા, રાજય સરકારના માહિતી અને પ્રસારણ સચિવ સુશ્રી અવંતિકા સિંહ, માહિતી નિયામક શ્રી આર કે મહેતા વગેરે પણ આ ગોષ્ઠિમાં ઉપસ્થિત રહ્યા હતા.





શ્રી એચ કે આર્ટ્સ કોલેજ ના એન.એસ.એસ વિભાગ દ્વારા આજરોજ ગરમીથી બચવા માટે ઠંડાપીણા નું ગ્લુકોઝ પીણાં ના ગ્લાસ દ્વારા વિતરણ કરવામાં આવ્યું. આ વિતરણ એન.એસ.એસ વિભાગ દ્વારા આશ્રમ રોડ ,લાલ દરવાજા, મીઠાખડી ,વલ્લભ સદન ,એલિસ બ્રિજ તથા પાલડીના આસપાસના વિસ્તારમાં કરવામાં આવ્યું. આ વિતરણમાં ખડે પગે સેવા કરતા એવા કર્મનિષ્ઠ પોલીસ અધિકારીઓ, રસ્તા ઉપર ચાલતાં સામાન્ય નાગરિકો તથા મજૂરી કરતા લોકોને આ પીણું પીવડાવવામાં આવ્યું.આજે ૬૫૦ જેટલાં વયકતિઓને આ લાભ આપવામાં આવ્યો. કાર્યક્રમનું હેતું જણાવતા પ્રોગ્રામ ઓફીસર મોહનભાઇ પરમાર સાહેબને એક વિચાર આવ્યો કે અમદાવાદમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. અને આ ગરમીથી પોલીસના જવાનો, મજુર વર્ગ તથા પોતાના કામે નીકળ્યા સામાન્ય માણસો ઘણી હાલાકીનો સામનો કરવો પડે છે તેથી આપણે તેમની મદદ કરવી જોઈએ એ ઉદ્દેશ્યથી અને સાહેબના માર્ગદર્શન થી આ પીણાં નું વિતરણ કરવામાં આવ્યું. જેમાં કોલેજના સ્વયંસેવીકા નિશા આ પીણું લાવ્યા હતા. આની સેવામાં એન.એસ.એસ.ના ૧૮ સ્વયં સેવકોએ સેવા આપી હતી.

# આજે સેકટર-૨૨ રંગમંચ ખાતે ડેરા સચ્ચા સૌદાનો આધ્યાત્મિક સ્થાપના દિવસ ઉજવશે

**રાજ્ય સ્તરીય નામ ચર્ચા કાર્યક્રમને લઈને ડેરા અનુયાયીઓમાં ભારે ઉત્સાહ : કાર્યક્રમ દરમિયાન ૧૩૮ માનવતાના સત્કાર્યોને ગતિ અપાશે**

ગાંધીનગર

માનવતાવાદી કાર્યમાં વિશ્વ વિક્રમ સર્જનાર ડેરા સચ્ચા સૌદા, સારસા (હરિયાણા)નો ૭૪મો




આધ્યાત્મિક સ્થાપના દિવસ ૨૪ એપ્રિલ, રવિવારના રોજ ગાંધીનગરમાં ડેરા અનુયાયીઓ દ્વારા ખૂબ જ ઉત્સાહ અને આદર સાથે ઉજવવામાં આવી રહ્યો છે. ડેરાના અનુયાયીઓ દ્વારા સેક્ટર-૨૨ સ્થિત થિયેટરમાં આ વિશાળ કાર્યક્રમને લઈને તમામ તૈયારીઓ લગભગ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ રાજ્ય સ્તરીય કાર્યક્રમમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી ડેરાના ભક્તો હાજરી આપશે અને રામ નામ અને ગુરુ મહિમાની સ્તુતિ કરશે. નામચર્ચામાં ડેરા સચ્ચા સૌદાના આદરણીય ગુરુ સંત ડૉ. ગુરમીત રામ રહીમ સિંહ જી ઈન્સાન દ્વારા ૧૩૮ માનવતાની શરૂઆત કલ્યાણકારી કાર્યો અંતર્ગત જરૂરીયાતમંદ પરિવારોને ફૂડ બેંક તરફથી રાશન કીટ, ગરમીના કારણે પક્ષીઓની તરસ છીપાવવા માટે પાણીની બોટલો અને માનવતાના હિત માટેના અન્ય કાર્યો કરવામાં આવશે. અમદાવાદના ભાંગીદાસ બલદેવ ઈન્સાને વિશાળ નામચર્ચાના કાર્યક્રમ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, નામચર્ચા સવારે ૧૧ વાગ્યે શરૂ થશે અને બપોરે ૧ વાગ્યે સમાપ્ત થશે. તેમણે કહ્યું કે કાર્યક્રમની સમગ્ર વ્યવસ્થા માટે શાહ સતનામ જી ગ્રીન એસ વેલ્ફેર ફોર્સ વિંગ અને અન્ય સમિતિઓના લગભગ એક હજાર સેવાકર્મીઓની ફરજો લગાવવામાં આવી છે.

## છત્રાલ વિસ્તારમાંથી ચોરીના બાઈક સાથે બે શખ્સોને એલસીબીએ ઝડપી પાડ્યા




કલોલ તાલુકા પોલીસ મથકના છત્રાલ વિસ્તારમાંથી ચોરી કરેલા બે બાઈક સાથે બે શખ્સોને એલસીબીએ પકડી પાડ્યા છે. પોલીસે પોકેટ કોપને આધારે ચોરી થયેલા બાઈક કિં. ૮૦,૦૦૦ તેમજ મોબાઈલ ફોન નંગ-૩ મળી કુલ રૂ.૮૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરી બાઈક ચોરીના બે ગુના એલસીબીની ટીમે શોધી કાઢ્યા છે.

# કોંગ્રેસમાંથી ૩૦૦ કાર્યકર્તા આમ આદમી પાર્ટીમાં જોડાશે

**કોંગ્રેસમાં નવસર્જન જેવું કંઇ દેખાતું નથી : કૈલાશ ગઢવી**

ગાંધીનગર, તા.૨૩

વિધાનસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસમાં કભી ખુશી કભી ગમ જેવી સ્થિતી છે. એક તરફ નરેશ પટેલ અને પ્રશાંત કિશોર જેવી હસ્તીઓ આવી રહી હોવાનાં કારણે ખુશીનો માહોલ છે. તો બીજી તરફ એક પછી એક પાયાના નેતાઓ કોંગ્રેસ છોડી રહ્યા છે. કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ પાર્ટી છોડીને ભાજપ અને આમ આદમી પાર્ટી તરફ પ્રયાણ કરી રહ્યા છે. હાલમાં જ સૌરાષ્ટ્રના બે દિગ્ગજ નેતા વશરામ સાગઠિયા અને ઈન્દ્રનિલ રાજયગુરુએ આમ આદમી પાર્ટીનો પાલવ પકડ્યાની શાહી સુકાઈ નથી ત્યાં કોંગ્રેસના પૂર્વ પ્રવક્તા અને સિનિયર નેતા કૈલાશ ગઢવીએ પણ કોંગ્રેસને બાય બાય કરી દીધું છે. ગઢવીએ અરવિંદ કેજરીવાલ સાથે મુલાકાત કરી હતી. આવતીકાલે આમ આદમી પાર્ટીમાં અધિકારીક રીતે જોડાશે. તેમણે ટ્વિટર પર કેજરીવાલ સાથેની મુલાકાતનો ફોટા પણ શેર કર્યો હતા.

કોંગ્રેસ નેતા કૈલાશ ગઢવીએ અગાઉ પણ એક ટ્વિટ કરીને પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. હવે પાર્ટીમાં થાક બહુ લાગ્યો છે, ચાલો કંઈક નવું કરીએ. સત્તા મેળવવા કે સરકાર બનાવવાના કટ્ટર સંકલ્પના અભાવમાં છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસનું નેતૃત્વ ગુજરાતમાં સરકાર બનાવવામાં નિષ્ફળ રહ્યું છે. જેના કારણે સૌથી વધારે નુકસાન જમીન સાથે જોડાયેલા કાર્યકર્તાઓને જ થયું છે. જે દિવસ રાત મહેનત કરીને પાર્ટીનું પ્રદર્શન સુધારવા માટે મહેનત કરે છે. હવે થાક બહુ લાગ્યો છે,ચાલો કંઈક નવું કરીએ.

ચાર્ટડ એકાઉન્ટન્ટ કૈલાશ ગઢવીના અનુસાર મને કોંગ્રેસમાં નવસર્જન કે નવો દોરી સંચાર જેવું કંઇ જોવા નથી મળતું. એ જ બીબાઢાળ કોંગ્રેસ હોવાના કારણે હવે હું ૩૦૦ જેટલા કાર્યકતા સાથે આમ આદમી પાર્ટીમાં સાથે જોડાણ કરીશ. અત્રે ઉલ્લેખનીય છે કે, કૈલાશ ગઢવીએ અગાઉ દિલ્હીના મુખ્યમંત્રી અને આપના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ સાથે મુલાકાત યોજી હતી. તે વખતે કોંગેસના સિનીયર નેતાએ આપમાં જવાનું નક્કી કર્યુ હતું. કૈલાશ ગઢવી અગાઉ કોંગ્રેસમાં પ્રવકતા પણ રહી ચુકયા છે. આ ઉપરાંત ગુજરાત કોંગ્રેસના સીએ સેલના પ્રમુખ, એલ ઈન્ડિયા પ્રોફેશનલ્સ કોંગ્રેસ કે જેના હેડ શશી થરુર હતા તેમની સાથે ગુજરાતમાં પ્રોફેશનલ્સ કોંગ્રેસના પ્રમુખ જેવા હોદ્દા પર પણ રહી ચુકયા છે.